સંબંધો પ્રેમથી નહીં પણ
સાથ આપવાથી વધે છે
- હૃદયસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪૬ | ૧૯ નવેમ્બર, ૨૦૧૪, બુધવાર ; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં દોઢ લાખ બાળકોનું ગુણોત્સવમાં મૂલ્યાંકન

## જિલ્લાની ૩૬૧ શાળાઓમાં મહાનુભાવો ગુણોત્સવ દરમ્યાન જઈ મૂલ્યાંકન કરશે

ગાંધીનગર, તા. ૧૮

૨૦મી નવેમ્બરથી શરૂ થઈ રહેલા પાંચમા ગુણોત્સવમાં જિલ્લાની ૩૬૧ શાળાઓમાં મહાનુભાવો દ્વારા શૈક્ષણિક અને સહ અધ્યયનની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. જે જિલ્લાની ૫૨ ટકા જેટલી શાળાઓ થાય છે.

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યભરમાં યોજાઈ રહેલ આ ગુણોત્સવના કાર્યક્રમમાં જિલ્લા ખાતે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રી રમણ વોરા, રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ શ્રી કૌશિક પટેલ ઉપરાંત ૩૫ જેટલા ઉચ્ચ અધિકારીઓ જોડાવાના છે.

ગાંધીનગર જિલ્લામાં કુલ ૧,૫૩,૩૬૨ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન આ ગુણોત્સવ દરમ્યાન કરવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં ૬૨૭ પ્રા. શાળાઓ પંચાયત હસ્તક છે જ્યારે ૬૯ શાળાઓ ગ્રાન્ટ ઈન એઈડ છે તેમનો આ ગુણોત્સવમાં સમાવેશ કરવામાં આવેલ છે.

ધો. ૬ થી ૮ ના ૫૩,૯૯૬ બાળકોનું ઓ.એમ.આર. શીટથી મૂલ્યાંકન કરાશે. જેમાં ૨૪,૩૭૭ વિદ્યાર્થીનીઓ છે. ધો. ૨ થી ૫ માં ભણતા બાળકોનું વાંચન ગણન અને લેખન દ્વારા મૂલ્યાંકન કરવામાં આવનાર છે.

આ ગુણોત્સવ માટે જિલ્લાતંત્રએ તેનું આયોજન સંપન્ન કરી દીધુ હોવાનું જણાવાતાં જિલ્લા પ્રા. શિ. અધિકારી શ્રી રાઠોડ અને ના.જિ. પ્રા. શિ.અ. શ્રી સંજયભાઈએ જણાવ્યું હતું કે, ૬૧ જેટલા રૂટ નિયત કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ગુણોત્સવના આ પાંચમા તબક્કામાં પ્રથમ સત્રના અભ્યાસક્રમ આધારિત મૂલ્યાંકન કરાશે.

તેમણે જણાવ્યુ હતુ કે ચતુર્થ ગુણોત્સવના સારા પરિણામોને જોતાં

● અનુસંધાન પાન-૭ પર

# આજે શપથવિધી સમારોહ

### વિજય રૂપાણી અને મંગુભાઈ પટેલ કેબિનેટ મંત્રી નિશ્ચિત જ્યારે પુરુષોત્તમ સોલંકી અને જશા બારડ રાજ્યકક્ષાના મંત્રી તરીકે જોડાશે

ગાંધીનગર, તા. ૧૮






રાજ્ય મંત્રી મંડળનું આવતીકાલે વિસ્તરણ કરવામાં આવશે. મંત્રીમંડળમાં બે કેબીનેટ તથા બે રાજ્યકક્ષાના મંત્રીઓનો સમાવેશ કરવામાં આવશે. તાજેતરની પેટા ચૂંટણીમાં જીતેલા ભાજપના પ્રદેશ મહામંત્રી વિજય રૂપાણી અને પૂર્વ મંત્રી મંગુભાઈ પટેલનો સમાવેશ મુખ્ય છે. આવતીકાલે સવારે ૧૧ વાગે રાજભવન ખાતે એક સાદા સમારંભમાં ચારેય મંત્રીઓ શપથ લેશે.

છેલ્લા ઘણા દિવસોથી મંત્રીમંડળ વિસ્તરણની વાતો ચાલી રહી હતી. આખરે મંગળવારે સાંજે એવા ચાર મંત્રીઓ શપથ લેશે. તેવું જાણકાર સુત્રોમાંથી પ્રાપ્ત થયું છે. વિધાનસભાના અધ્યક્ષ અને પૂર્વ વનમંત્રી મંગુભાઈ પટેલ કેબીનેટ મંત્રી તરીકે શપથ લેશે. સૌથી વધુ ચર્ચાતુ નામ વિજય રૂપાણીનું છે. વિજય રૂપાણી ભાજપના પ્રદેશ મહામંત્રી રહી ચુક્યા છે. તેઓ તાજેતરમાં પેટા ચૂંટણીમાં જિત્યા છે. આ બંનેને કેબીનેટ મંત્રી બનાવાશે એવી ચર્ચાઓ થઈ રહી છે. જો કે જાણકાર વર્તુળોનું કહેવું છે કે સ્વર્ણિમ સંકુલમાં ત્રણ ચેમ્બરો તૈયાર કરવામાં આવી છે. એટલે કદાચ ત્રણ કેબીનેટ મંત્રીઓ પણ શપથ લઈ શકે છે. જો કે આવતીકાલે સવારે જ કેટલા મંત્રીઓ શપથ લેશે તેનું ચિત્ર સ્પષ્ટ થશે. રાજભવનમાં મંત્રીઓની શપથવિધિ માટેની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. મંગળવારે મોડી સાંજ સુધી વિધાનસભા પક્ષની બેઠક ચાલુ હોવાથી તેમાં મંત્રીમંડળના વિસ્તરણનો આખરી નિર્ણય લેવામાં આવશે. મહત્વના બોર્ડ-નિગમોની નિમણૂંક અંગે પણ આ બેઠકમાં નિર્ણય લેવાય તેવી શક્યતાઓ જાણકાર સુત્રોએ વ્યકત કરી છે. રાજ્યકક્ષાના મંત્રીઓમાં પૂર્વમંત્રી પુરુષોત્તમ સોલંકી અને તાજેતરમાં જ કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાઈ પેટા ચૂંટણી જીતેલા જસાભાઈ બારડનું નામ ચર્ચાઈ રહ્યું છે.



કોણ ઝુલાવે હિંચકો - શ્રમિક પરિવારનું બાળક કેવી હાલતમાં ઉછરે છે એની આ તસવીર છે - તાસીર છે... સ્વચ્છતાનું કોઈ નામનિશાન નથી, કાળજી જેવી કોઈ લાગણી નથી... સાર-સંભાળની તો કોઈ વાત જ ન હોય, છતાં લાખોની સંખ્યામાં શ્રમિક પરિવારના બાળકો અસહ્ય પરિસ્થિતિમાં ઉછરી રહ્યા છે... બાળ કલ્યાણ અને બાળ ઉછેરની દર્દભરી વાતો કરતા નેતાઓ હજુ ક્યાં બાળકના પારણા સુધી પહોંચી શક્યા છે... આવો સંવેદનશીલ સમાજના નિર્માણ માટે સંનિષ્ઠો અને સંસ્થાઓ જાગૃતિ માટે નાનકડો પુરુષાર્થ કરીએ. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## આજે ગાંધીનગર આવતા ડો. અબ્દુલ કલામ

ગાંધીનગર, તા. ૧૮

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ આજે એક દિવસની



ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે.

ડૉ. કલામ સાંજે પાંચ વાગે લેકાવાડા નજીકની ચૈતન્ય સ્કૂલના એક કાર્યક્રમમાં હાજરી આપવા આવી રહ્યા છે. તેઓ સાંજે આ કાર્યક્રમમાં હાજરી આપી સાંજે જ દિલ્હી જવા રવાના થનાર છે.

# રાજ્યમાં પ્રથમવાર રવિ સીઝનનો કૃષિ મહોત્સવ બે તબક્કામાં યોજાશે

### ડિસેમ્બરના પ્રથમ પખવાડિયામાં અને બીજા પખવાડિયાના આરંભે આ કૃષિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

રવિ સીજનનો પહેલીવાર યોજાનાર કૃષિ મહોત્સવ બે તબક્કામાં ડિસેમ્બર માસ દરમ્યાન યોજવામાં આવશે. ૧૧ થી ૧૩ ડિસેમ્બર દરમ્યાન અને ૧૮ થી ૨૧ ડિસેમ્બર દરમ્યાન આ કૃષિ મહોત્સવ યોજવામાં આવશે.

રવિ સીઝનમાં પહેલીવાર કૃષિ મહોત્સવનું આયોજન કરાઈ રહ્યું છે. જેમાં તાલુકાવાર સેમિનારમાં કૃષિ ક્ષેત્રે અમલી બનેલ વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવશે. રાજ્યમાં ઓછા પાણીએ પણ વધુ ઉત્પાદન કઈ રીતે મેળવી શકાય તે વિશેની વિગતો ખેડૂતોને અપાશે. આ ઉપરાંત વિવિધ યોજનાઓ અંતર્ગત મંજૂર થયેલ સહાયના ચેકોનું વિતરણ તેમજ મંજૂરી પત્રો એનાયત કરવામાં આવશે.

આ કૃષિ મહોત્સવની ઉજવણીના આયોજનની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જો કે આ કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો ઉપરાંત યુનિ.ના વિષય નિષ્ણાંતો પણ હાજરી આપનાર છે. દરેક તાલુકામાં એક મેળાનું આયોજન કરાશે. જેમાં કૃષિગોષ્ઠી સાથે કૃષિ સંલગ્ન પશુપાલન અને કૃષિ આધારિત ઉદ્યોગોની પણ જાણકારી આપવામાં આવનાર છે.

સામાન્યતઃ રાજ્યમાં ખરીફ ઋતુના આરંભે કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે રાજ્ય સરકાર કૃષિ વિકાસ વર્ષની ઉજવણી કરી રહેલ હોવાથી આ રવિ કૃષિમેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ઓડિટ માટે આવેલા અધિકારી કોલેરાની ઝપટમાં

ગાંધીનગર, તા. ૧૮

દિલ્હીથી ઓડિટની કામગીરી માટે આવેલ અધિકારી આજે કોલેરામાં સપડાતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. સમયસર મળેલ સારવારને કારણે તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ આ અધિકારીશ્રી ઓડિટની કામગીરી માટે ગઈકાલે સાંજે દિલ્હીથી હવાઈમાર્ગે અમદાવાદ આવ્યા હતા. સરકીટ હાઉસ ખાતે રોકાયા હતા પરંતુ સવારે તેમને વધુ પડતાં ઝાડા થઈ રહ્યાનું જણાતાં તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા.

ડૉક્ટરોની પ્રાથમિક તપાસ દરમ્યાન જ તેમને કોલેરા પોઝીટીવ જણાઈ આવતાં તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી દેવાયા હતા.

તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે દિલ્હી તેમના પરિવારમાં પણ તેમની તબિયતને લઈ જાણ કરવામાં આવી છે. સમયસર સારવાર મળી જતાં પરિવારે પણ રાહતનો દમ લીધો છે.

# શાહપુર ચાર રસ્તાથી મહાત્મા મંદિરના માર્ગ પર ફેન્સીંગ કરાશે

### વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી મહાનુભાવોની સુરક્ષાના મુદ્દાને ધ્યાને લઈ ફેન્સીંગ કરાશે

ગાંધીનગર,તા.૧૮

શાહપુર ચાર રસ્તાથી મહાત્મા મંદિર સુધી ફેન્સીંગ લગાવવાનું કામ ટૂંકમાં શરુ થશે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સુરક્ષા સઘન બનાવવા આ કામગીરી હાથ ધરાશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી ઉપરાંત વિદેશી મહેમાનો સહીતના મહાનુભાવોની અવર-જવરને ધ્યાને લઈ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પણ ફેન્સીંગ લગાવવા વિભાગને જણાવાયું છે.

આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરમાં દબાણ હટાવ ઝુંબેશ, સ્વચ્છતા તેમજ બ્યુટીફીકેશનના કામો પણ હાથ ધરવામાં આવનાર છે. વાઈબ્રન્ટ સમિટમાં રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી તેમજ વિદેશી મહેમાન સહીતના મહાનુભાવો હાજરી આપવાના હોવાથી સલામતીનો મુદ્દો પણ વિશેષ બની રહ્યો જે જેને અનુલક્ષી

● અનુસંધાન પાન-૭ પર




## ગાંધીનગર શહેર રાજપૂત ડીરેક્ટરી અંગે

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર દ્વારા ડીરેક્ટરી માટેના ફોર્મ સેક્ટર પ્રમાણે પરત આવી ગયેલ છે. જે ફોર્મની વિગતે પ્રિન્ટીંગ પ્રેસમાં ડીરેક્ટરી તૈયાર થઈ રહી છે. તેમ છતાં કોઈ પણ સેક્ટરમાં રાજપૂત પરિવારનું ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય તે સમાજ ભવન, સેક્ટર-૧૨ ખાતેથી રૂબરૂ મેળવી ભરીને તા. ૩૦/૧૧/૨૦૧૪ સુધીમાં સત્વરે જમા કરાવી દેવું. ત્યારબાદ બાકી રહેલ ફોર્મ કે વિગત સ્વીકારવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.

ડીરેક્ટરીમાં ધંધાકીય જાહેરાત અને શુભેચ્છા માટેના ફોર્મ પણ મેળવીને, ફોર્મ ભરી ભવન ઉપર જમા કરાવી પૈસા ભરીને પાકી પહોંચ મેળવી લેવી.

| **પ્રદિપસિંહ પી. વાઘેલા** | **કરણસિંહ બી. વાઘેલા** |
|---|---|
| મહામંત્રીશ્રી | પ્રમુખ |
| શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર | શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર |




